## <u>મહે.જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ</u>

## <u>મું. માળીયા હાટીના.</u>

**<u>ફોજદારી કેસ નં. ૧૯૯/૨૦૨૬</u>**
**આંક :**

**શ્રી સરકાર**
(મુળ ફરિયાદી : શ્રી કરણભાઇ કેશરભાઇ ડોડીયા,અનાર્મ એ.એસ.આઇ.,બ.નં.૧૨૧૬,ચોરવાડ પો.સ્ટે.)
(ચોરવાડ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૧૨૨૫૦૫૨૬/૨૦૨૫) – **<u>ફરિયાદી.</u>**

**<u>વિરુધ્ધ</u>**

(૧) જયસુખભાઇ રણછોડભાઇ ભુવા,જાતે–પટેલ ઉ.વ.૬૦ ધંધો–સીટી કેબલ
રહે.:– મુળ ખોરાસા ગીર, બસ સ્ટેશન પાસે, તા.માળીયા હાટીના, જી.જુનાગઢ
હાલ રહે.: બ્લોક નં.એ–૯૦૩, ઝવેરચંદ મેઘાણી ટાવર, ઇન્દીરા સર્કલ,
પંચાયત ચોક પાસે, યુનીવરસીટી રોડ, રાજકોટ.

(૨) મીત જયેશભાઇ કાલરીયા જાતે–પટેલ ઉ.વ.૩૨ ધંધો–ખેતી
રહે.:– મુળ અગતરાય ગામ, સહકારી મંડળીની બાજુમાં તા.કેશોદ જી.જુનાગઢ
હાલ રહે. ૩૭, રીવર વીલા, ખામધ્રોળ રોડ, જુનાગઢ – **<u>આરોપીઓ.</u>**

**<u>આરોપ :–</u>** બી.એન.એસ.કલમ– ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩(૫), ૧૧૧(૨)બી, ૫૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ડી)મુજબ.

**<u>– ક મી ટ લ હુ ક મ –</u>**

(૧) આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ચોરવાડ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૧૨૨૫૦૫૨૬/૨૦૨૫ થી બી.એન.એસ.કલમ– ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩(૫), ૧૧૧(૨)બી, ૫૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ડી) મુજબની ફરીયાદ દાખલ થયેલ છે અને સદર ગુનાનાં કામે તપાસ પૂર્ણ થઈ જતાં હાલનાં આરોપીઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ રાખેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ હાલ જેલમાં છે. આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ આજરોજ હાજર છે અને તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે. આ કામનાં ચાર્જશીટનાં કોલમ નં. ૨ માં જણાવેલ આરોપી હિતેશભાઈ ઉર્ફે હીતો નાથાભાઈ ચાંડપા એ પ્રોપરાઈટર તરીકે પોતાના એક્ષીસ બેંક, ઝાંઝરડા રોડ શાખા જુનાગઢના મારુતિ ટ્રેડર્સ નામના મ્યુલ એકાઉન્ટ નં.923020037520153 વાળુ સાયબર ફ્રોડ કરવા માટે આ કામનાં આરોપી નં. (૧) જયસુખભાઇ રણછોડભાઇ ભુવા એ બેન્ક એકાઉન્ટ આ કામનાં ચાર્જશીટનાં કોલમ નં. ૨ માં જણાવેલ આરોપી હિતેશભાઈ ઉર્ફે હીતો નાથાભાઈ ચાંડપા પાસે ખોલાવડાવી ભાડે આપી કમીશન લઇ જે એકાઉન્ટ આ કામનાં આરોપી નં. (૨) મીત જયેશભાઇ કાલરીયા એ પ્રથમ ઉપયોગ કરી જે એકાઉન્ટમાં ઉપયોગ થયેલ ઈમેલ એડ્રેસ madhavtrade78@gmail.com તથા મારૂતી ટ્રેડર્સ નામના ઉદયમ રજીસ્ટેશન નં. UDYAM–GJ–11–0023633 માં વપરાયેલ ઈ–મેલ

એડ્રેસ emahadev53@gmail.com માં મોબાઇલ નં. 8780058266 નો ઉપયોગ થયેલ જે મોબાઇલ નં. 8780058266 આરોપી મીત જયેશભાઇ કાલરીયા નાઓના હોવાનુ અને બાદમાં સદરહુ એકાઉન્ટ આ કામનાં ચાર્જશીટ નાં કોલમ નં.૨ માં જણાવેલ પકડવાના બાકી આરોપી પ્રશાંતભાઇ ગીરીશભાઇ યોગાનંદી ને ઉપયોગ કરવા માટે ભાડે આપી જે એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપીયા જમા થતા હોવાનુ તમામ આરોપીઓ જાણતા હોવા છતા તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા અલગ–અલગ માધ્યમથી ભારત સરકારના NCCRP પોર્ટલની કુલ–૪૫ એકનોજેલમેન્ટ અરજીઓ જેના કુલ–૪૪ અરજદારોના અલગ અલગ લેયરથી અલગ અલગ સમયે સાયબર ફ્રોડથી કુલ રૂા.4,23,10,781/– (ચાર કરોડ ત્રેવિસ લાખ દસ હજાર સાતસો એકયાસી પુરા) બદદાનત થી લલચાવી પોતાના આર્થિક ફાયદા સારૂ મેળવી જે રૂપિયા અન્ય બેંક ખાતાઓમા ટ્રાન્સફર કરી કરાવી સાયબર ફ્રોડના રુપિયા હોવાનુ જાણતા હોવા છતા સગેવગે કરી તમામ આરોપીઓએ સંગઠીત ટીમ બનાવી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી બી.એન.એસ.કલમ– ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩(૫), ૧૧૧(૨)બી, ૫૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ડી) મુજબનો ગુનો કરેલ છે. આ કામનાં આરોપીઓની પ્લી લેવામાં આવેલી અને તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલી અને તેઓ નામદાર સેશન્સ કોર્ટમાં પોતાનાં ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માંગતા હોવાનું પુરસીશથી જાહેર કરેલ છે. આરોપીઓ સામેનાં આક્ષેપિત ગુનાને ધ્યાને લેતાં સદરહું ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા નામદાર સેસન્સ અદાલતને હોય જેથી આરોપીઓ સામેનો કેસ કમીટ કરવામાં આવે છે. આ કામનાં આરોપીઓને હવે પછીની મુદતે નામદાર સેશન્સ કોર્ટ, કેશોદ સમક્ષ હાજર રહેવાની સમજ આપવામાં આવેલ છે, સબબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– <u>હુકમ</u> –**

આ કામનાં આરોપીઓ સામેનો ફોજદારી કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૨૩૨ મુજબ નામદાર સેશન્સ કોર્ટ, કેશોદને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીઓએ હવે પછીની મુદત તા. ૦૪/૦૭/૨૦૨૬નાં સવારનાં કલાક ૧૦.૩૦ વાગ્યે નામદાર સેશન્સ કોર્ટ, કેશોદ સમક્ષ હાજર રહેવું.

આ કામનાં તમામ કેસ પેપર્સ તથા મુદામાલ નામદાર સેશન્સ કોર્ટ, કેશોદને મોકલી આપવા તેમજ આ હુકમની જાણ એ.જી.પી. શ્રી, કેશોદ ને કરવી.

હુકમ આજ તારીખ : ૨૨ જી, માહે–જુન સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માળીયા હાટીના.
તારીખ : ૨૨/૦૬/૨૦૨૬

( બી.વી.ગોહિલ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માળીયા હાટીના.
(JUDGE CODE : GJ-01456)